

## ૭. પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચન્દ્રજી

**ભૂમિકા :** જેમની ગણના વર્તમાન શતાબ્દીના વિરલ સ્વરૂપનિષ્ઠ તત્ત્વવેત્તા, પરમ જ્ઞાનાવતાર અને ઉચ્ચ કોટિના સત્પુરુષ તરીકે કરી શકાય એવા શ્રીમદ્ રાજચન્દ્રજી અસાધારણ મહાપુરુષ હતા. વીસમી સદીના તત્ત્વજ્ઞાનીઓમાં તેઓ અગ્રપંક્તિમાં બિરાજે છે. શ્રીમદ્ રાજચન્દ્ર એટલે અધ્યાત્મ ગગનમાં ઝળકી રહેલી અદ્ભુત જ્ઞાન-જ્યોતિ ! માત્ર જૈનસમાજની જ નહિ પણ અર્વાચીન વિશ્વની એક વિરલ વિભૂતિ ! અમૂલ્ય આત્મજ્ઞાનરૂપ દિવ્ય જ્યોતિના ઝળહળતા પ્રકાશથી પૂર્વમહાપુરુષોએ પ્રકાશિત કરેલા સનાતન મોક્ષમાર્ગનો ઉદ્યોત કરી, ભારતની પુનિત ભૂમિને વિભૂષિત કરી આ અવનીતલને પાવન કરનાર પરમ જ્ઞાનનિધાન, જ્ઞાનભાસ્કર, જ્ઞાનમૂર્તિ ! ભારતની વિશ્વવિખ્યાત વિભૂતિ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના શબ્દોમાં ''શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા હતા. તેમનાં લખાણો તેમના અનુભવનાં બિંદુ સમાં છે. તે વાંચનાર, વિચારનાર અને તે પ્રમાણે ચાલનારને મોક્ષ સુલભ થઈ જાય છે. જેને આત્મક્લેશ ટાળવો હોય, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક હોય, તેને શ્રીમદ્નાં લખાણોમાંથી ઘણું મળી રહેશે, એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિન્દુ હો કે અન્ય ધર્મી. કાકાસાહેબ કાલેલકરના શબ્દોમાં ''શ્રીમદ્ એક પ્રયોગવીર હતા. પ્રયોગ-સિદ્ધ 'સમયસાર' કે 'આત્મસિદ્ધિ'નું જીવતુંજાગતું ઉદાહરણ એટલે શ્રીમદ્નું જીવન-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃત્ત ! શ્રીમદ્ પ્રત્યક્ષ પ્રગટ આત્મસિદ્ધિને પ્રાપ્ત થયેલ પુરુષ હતા, અને એટલે જ એમણે રચેલી આત્મસિદ્ધિશાસ્ત્ર આદિ રચનાઓમાં અપૂર્વ દૈવત અનુભવી શકાય છે."

**જન્મ :** શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી રાજ્યના વવાણિયા ગામે થયો હતો. તે શુભ દિવસ કાર્તિક સુદ પૂનમ, વિ. સં. ૧૯૨૪ની દેવદિવાળીનો હતો. (રવિવાર, તા. ૯–૧૧–૧૮૬૭)

તેમના દાદાનું નામ પંચાણભાઈ મહેતા હતું. તેમણે પાસેના માણેકપરા ગામ-માંથી વવાણિયામાં આવીને વહાણવટાનો અને શરાફનો ધંધો ચાલુ કર્યો હતો. શ્રીમદ્ની માતાનું નામ દેવાબા અને પિતાનું નામ રવજીભાઈ હતું. ધાર્મિક સંસ્કારોવાળા ભક્તિમાન અને સેવાભાવી દંપતીના સંદર્ભમાં બે કથાઓ જાણીતી છે. પહેલી કથા છે એક વૃદ્ધ આડતિયાની અને બીજી કથા છે એક સંત ફકીરની. આ બન્નેની આ દંપતીએ તન-મન-ધનથી ખૂબ ભાવસહિત સેવા કરેલી. તેથી પ્રસન્ન થઈ તેઓએ એક પ્રતાપી પુરુષ તેમને ઘેર પુત્ર તરીકે જન્મશે એવા આશીર્વાદ આપેલા. આ બનાવો બન્યા પછી કેટલાક કાળે શ્રીમદ્નો જન્મ દેવદિવાળીને શુભદિને થયો હતો. ગુજરાતના જૈનસમાજમાં આ દિવસ કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીના જન્મ-દિવસ તરીકે અને પાલિતાણાની યાત્રાના પ્રારંભના પવિત્ર અને મંગલમય દિવસ તરીકે ઉજવાય છે. જન્મસમયે તેમનું નામ લક્ષ્મીનંદન રાખવામાં આવ્યું હતું; પરંતુ ચાર વર્ષની વયે તે બદલીને રાયચંદ–રાજચંદ્ર રાખવામાં આવ્યું, અને એ જ નામથી તેઓ પ્રસિદ્ધિ પામ્યા.

**બાલ્યકાળ :** બાળપણથી જ શ્રીમદ્ને તેમના કુળ તરફથી વૈષ્ણવ ધર્મના સંસ્કાર મળ્યા હતા, કારણ કે તેમના દાદાજી કૃષ્ણભક્ત હતા. બીજી બાજુ માતા દેવાબા જૈન ધર્મના સંસ્કાર લાવ્યાં હતાં. આમ બાળપણમાં તેમનો ઉછેર વૈષ્ણવ અને જૈન સંસ્કારોના મિશ્ર વાતાવરણમાં થયો. આમ છતાં વાચનની ખૂબ જ રુચિ હોવાને લીધે જ્યારે તેમણે જૈનોનાં પ્રતિક્રમણાદિ સૂત્રોનું વાચન કર્યું ત્યારે તેમાં આવતી સર્વ જીવો પ્રત્યેની દયાભાવના અને ક્ષમાપના દ્વારા પ્રગટ થતો વિનય–આ બે ગુણો તેમના સંસ્કારી હૃદયને સ્પર્શી ગયા. ધીમે ધીમે 'જૈન સૂત્રો' પ્રત્યે તેમનો પ્રેમ વધતો ગયો. જ્ઞાનપ્રધાન તથા ત્યાગપ્રધાન જૈન વાતાવરણ મધ્યે, પૂર્વનો તેમનો આરાધક આત્મા વૈરાગ્યપ્રધાન જૈન ધર્મ પ્રત્યે વધારે આકર્ષાતો જતો હતો. બાળજીવનની આ કુમળી વયે તેમના જીવનમાં એક મહત્ત્વનો પ્રસંગ બન્યો.

**જાતિસ્મરણજ્ઞાન :** વિ. સં. ૧૯૩૧ માં, શ્રીમદ્ના એક વડીલ સ્નેહીશ્રી અમીચંદભાઈનું સર્પદંશથી મૃત્યુ થયું. એ વખતે શ્રીમદે દાદાજીને પૂછ્યું કે મૃત્યુ એટલે શું ? દાદાએ કહ્યું : "તેમનામાંથી જીવ નીકળી ગયો અને હવે તેઓ હાલીચાલી કે બોલી શકશે નહીં; માટે તેમને તળાવ પાસેના સ્મશાનમાં બાળવામાં આવશે. આ સાંભળી શ્રીમદ્ વિચારોની શ્રેણીએ ચઢી ગયા. ઊંડી વિચારણાથી તેમનું અજ્ઞાનનું આવરણ ખસી ગયું અને તેમને આગલા ભવોનું જ્ઞાન થયું. તે આવરણ ઉત્તરોત્તર ખસતું ગયું. તેઓ જ્યારે જૂનાગઢ ગયા ત્યારે તે આવરણ એકદમ દૂર થઈ ગયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાતિસ્મરણજ્ઞાનની તેમના પારમાર્થિક જીવનના વિકાસ ઉપર ખૂબ ઘેરી અસર થઈ. પરભવનું દુઃખ ઇત્યાદિ જાણીને તેમનો વૈરાગ્ય ઘણો વૃદ્ધિ પામ્યો અને મોક્ષમાર્ગમાં નિઃશંકપણે પ્રવૃત્તિ કરવાનું શક્ય બન્યું.

**વિદ્યાભ્યાસનો કાળ :** સાત વર્ષની વય પછી શ્રીમદ્‌ને અભ્યાસ કરવા માટે નિશાળે બેસાડવામાં આવ્યા. પોતાના 'એકપાઠીપણા'નો નિર્દેશ તેમણે 'સમુચ્ચય-વયચર્યા'માં કર્યો છે. આવી સ્મૃતિના પ્રભાવથી સાત વર્ષનો અભ્યાસ તેમણે બે વર્ષમાં જ પૂરો કર્યો હતો. વિદ્યા પ્રાપ્ત કરવાની અને નવી વસ્તુઓ વાંચવાની, જાણવાની અને શીખવાની તેમને ખૂબ જ જિજ્ઞાસા હતી.

**બાળપણમાં ચમત્કૃતિઓનો આવિર્ભાવ :**

* આઠ વર્ષની વયથી તેમણે કવિતા રચવાની શરૂઆત કરી હતી.
* પિતાજીની દુકાન ઉપર બેસીને તેમણે ન્યાયનીતિપૂર્વક વ્યવસાય કર્યો હતો. કોઈને ઓછો-અધિકો ભાવ કહ્યો નહોતો કે કોઈને ઓછું-અધિકું તોળી દીધું ન હતું.
* તેઓ ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ગ્રંથોનો ભાવ બરાબર સારી રીતે સમજી શકતા હતા.
* વિશ્વના સમગ્ર જીવો પ્રત્યે વાત્સલ્ય અને પ્રીતિભાવ તથા સહનશીલતાના ગુણો પણ નાની ઉંમરમાં જ તેમનામાં વિકસેલા જણાયા હતા.

**અવધાન-શક્તિ અને જ્યોતિષજ્ઞાન :** અવધાન એટલે અનેક કાર્યો ભૂલ વિના એકસાથે કરવાં અને યાદ રાખવાં. તેમણે સોળ વર્ષની ઉંમરે મોરબીમાં બાર અવધાન-નો પ્રયોગ કરી બતાવ્યો. આ પછી અનુક્રમે જામનગરમાં સોળ અને બોટાદમાં બાવન અવધાન તેઓએ કરી બતાવ્યાં હતાં. ૧૯ વર્ષની વયે તેમણે મુંબઈની જાહેરસભામાં શતાવધાનનો પ્રયોગ કર્યો હતો.

* અવધાનમાં સફળતા પ્રાપ્ત કર્યા પછી થોડા કાળ માટે શ્રીમદ્ જ્યોતિષશાસ્ત્ર તરફ વળ્યા હતા. આ બન્ને વિદ્યાઓ ઉપરાંત આંખોથી જોયા વિના માત્ર સ્પર્શ દ્વારા ગ્રંથોને ઓળખવાની અને જીભથી ચાખ્યા વિના વાનગીઓના સ્વાદને જાણવાની અતીન્દ્રિય જ્ઞાનશક્તિ પણ તેમને સિદ્ધ થઈ હતી. આ બધી શક્તિઓ વિષે તે વખતના પ્રબુદ્ધ સમાજનો શો પ્રતિભાવ હતો તેની પ્રતીતિ આપણને મુંબઈ સમાચાર, જામે-જમશેદ, ગુજરાતી, Times of India, The Indian Spectator, Bombay Gazzette ઇત્યાદિ વર્તમાનપત્રોમાં માત્ર સમાચારરૂપે જ નહીં પરંતુ તેના અગ્રલેખો દ્વારા સારી રીતે થઈ શકે છે. શતાવધાનની સભામાં તત્કાલીન જૈન સમાજ દ્વારા તેમને સુવર્ણચંદ્રક એનાયત થયો હતો, તથા 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ પણ આપવામાં આવ્યું હતું.

આ બન્ને પ્રવૃત્તિઓ શ્રીમદે અનુક્રમે ૨૦ વર્ષ અને ૨૪ વર્ષની વયે બિલકુલ બંધ કરી દીધી. અવધાન પ્રયોગથી લોકસંપર્ક વધી જવાની સંભાવના હતી, તેમજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યોતિષશાસ્ત્ર દ્વારા માત્ર ભૌતિક ઉન્નતિની જ વિશેષ સંભાવના હતી. આથી તે બન્નેને તેઓએ 'કલ્પિત'ની શ્રેણીમાં મૂકી દીધાં અને આત્માર્થસંપન્નતા માટે શમ, વૈરાગ્ય, અધ્યયન, ચિંતન અને એકાંતચર્યાને પોતાના જીવનનું મુખ્ય ધ્યેય બનાવ્યું.

**વેપાર અને વ્યવહાર :** આજીવિકા અર્થે શ્રીમદ્ ઝવેરાતનો વેપાર કરતા હતા. સામાજિક ક્રાંતિના ક્ષેત્રે શ્રીમદે સ્ત્રી-કેળવણી, કજોડાના સંબંધનો વિરોધ, આર્યપ્રજાની પડતીનાં કારણો, ખર્ચાળ લગ્નજમણોનો વિરોધ વગેરે વિષયો ઉપર ગદ્ય-પદ્યમય રચનાઓ દ્વારા નવજાગૃતિનો પ્રશંસનીય પ્રયાસ કર્યો હતો.

**ગૃહસ્થાશ્રમપ્રવેશ :** વિ. સં. ૧૯૪૪માં વીસ વર્ષની વયે શ્રીમદે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. શ્રી રેવાશંકરભાઈ જગજીવનદાસભાઈ મહેતાના મોટાભાઈ શ્રી પોપટલાલ-ભાઈની સુપુત્રી ઝબકબહેન સાથે તેઓ વિ. સં. ૧૯૪૪ ના મહા સુદ બારસને દિવસે લગ્નગ્રંથિથી જોડાયા.

શ્રીમદ્‌નું ગૃહસ્થાશ્રમમાં રહેવું કોઈ અન્ય કારણે નહીં પણ પૂર્વકર્મથી નિવૃત્ત થઈ જવા માટે હતું એમ માની શકાય. આત્માર્થના સાધકને ગૃહસ્થાશ્રમ સર્વથા બાધક છે એમ માનનાર માટે શ્રીમદ્‌નું જીવન એક પડકારરૂપ છે. આ બાબત તે સમય દરમિયાન લખેલા અનેક પત્રોમાં સ્પષ્ટ થાય છે :

* 'સ્ત્રીના સંબંધમાં કોઈ પણ પ્રકારે રાગ-દ્વેષ રાખવા મારી લેશ માત્ર ઇચ્છા નથી પણ પૂર્વોપાર્જનથી ઇચ્છાના પ્રવર્તનમાં અટક્યો છું.'

* 'બન્ને ધર્મમૂર્તિ થવા પ્રયત્ન કરીએ, મોટા હર્ષથી પ્રયત્ન કરીએ. તમે સ્વચ્છતાને બહુ ઇચ્છજો, મારી ભક્તિને સમભાવથી ઇચ્છજો.'

* 'કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તો પણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે, મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે.'

**ચિંતન, મનન અને આત્મસાક્ષાત્કાર :** શ્રીમદ્‌નું સમસ્ત વ્યક્તિત્વ ગંભીર ચિંતન અને સતત ધર્માભિમુખતાનું પ્રતિબિંબ હોવા છતાં સમસ્ત જીવસૃષ્ટિ પ્રત્યેના તેમના પ્રેમપૂર્ણ વ્યવહારનું પણ આપણને દિગ્દર્શન કરાવી જાય છે.

બાળપણથી જ લાગેલી ઉન્નત જીવન જીવવાની ધૂન, જાતિસ્મરણજ્ઞાન, ગહન શાસ્ત્રાધ્યયન, વધતો જતો વૈરાગ્ય, 'સત્'ના જ રટણ અને અનુભવની સતત ઝંખના, સતત સદ્‌ગુણોની વૃદ્ધિનો પુરુષાર્થ અને સત્‌શાસ્ત્રો દ્વારા જાણેલાં તત્ત્વોના અર્થનું ઉપશમભાવ સહિત અંતર્ દૃષ્ટિપૂર્વક ઊંડું ચિંતન–મનન, આ બધાં વિવિધ સત્સાધનોના અનુષ્ઠાનથી વિ. સં. ૧૯૪૭માં તેમને શુદ્ધ આત્મજ્ઞાનનો પ્રકાશ થયો :

ઓગણીસેં સુડતાલીસે સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત્ અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે.
—ધન્ય રે દિવસ....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'આત્મા જ્ઞાન પામ્યો તે નિ:સંશય છે; ગ્રંથિભેદ થયો ને ત્રણે કાળમાં સત્ય વાત છે.'

જૈન દર્શનની રીતિએ જોતાં સમ્યક્દર્શન અને વેદાંતની રીતિએ જોતાં કેવળજ્ઞાન અમને સંભવે છે.

વિ. સં. ૧૯૪૭માં શ્રીમદે રાળજ મુકામે લખેલાં ચાર કાવ્યો આત્મદર્શનની પ્રસાદીરૂપે આપણને આપ્યાં છે; તેનો આત્મહિતેચ્છુઓએ સ્વકલ્યાણાર્થે બરાબર ઉપયોગ કરી લેવા જેવો છે. તે ચાર કાવ્યો આ પ્રમાણે છે:

(૧) હે પ્રભુ! હે પ્રભુ! શું કહું........

(૨) યમ નિયમ સંયમ આપ કિયો........

(૩) જડ ભાવે જડ પરિણમે.......

(૪) જિનવર કહે છે જ્ઞાન........

**એકાંત સાધનાનો રંગ:** અનંતની યાત્રાના રસિક એવા શ્રીમદ્‌ને શુદ્ધ આત્મ-જ્ઞાનની ઉપલબ્ધિ થઈ તોપણ 'કુટુંબ' અને 'લક્ષ્મી' બન્નેથી આત્યંતિક વિરક્તિ થઈ શકે તે હેતુથી તેઓ નિયમિત વધુ અને વધુ સમય માટે મુંબઈની બહારનાં વિવિધ 'નિવૃત્તિ-ક્ષેત્રોમાં' રહેવા લાગ્યા; જેથી ત્યાગ-વૈરાગ્યની વૃદ્ધિ સાથે પ્રતિબંધ વગર એકાંત અધ્યયન અને ચિંતન-મનનનો યોગ સિદ્ધ થઈ શકે. તેમનો પુરુષાર્થ સમયની અપેક્ષાએ બે વિભાગમાં વહેંચી શકાય:

(૧) વિ. સં. ૧૯૪૭ થી વિ. સં. ૧૯૫૧ (પ્રથમ તબક્કો)

(૨) વિ. સં. ૧૯૫૨ થી દેહવિલય પર્યંત (બીજો તબક્કો)

**પ્રથમ તબક્કો:** આ તબક્કા દરમિયાન તેમના પુરુષાર્થને અવરોધક ઘણો વિપરીત કર્મોદયનો હતો, તેથી પ્રગતિ પણ તેટલા પ્રમાણમાં મંદ ગતિથી જ થઈ શકે તેમ હતું.

આમ અનેક વિપરીત સંજોગો હોવા છતાં આત્મજ્ઞાન અને વૈરાગ્યના બળ વડે તેઓ પોતાના પુરુષાર્થમાં જરા પણ ન્યૂનતા આવવા દેતા નહિ, અને ખૂબ જ સાવ-ધાનીથી આત્માની નિર્મળતા જળવાય અને વધે તેવી સાવધાની રાખ્યા કરતા. જીવનમાં પ્રગટ થયેલી મૈત્રી, પ્રમોદ આદિ ભાવનાઓ વર્ધમાન થાય અને બાહ્યાંતર સંયમગ્રહણ પ્રત્યે ઉદ્યમવંત બની શકાય તેવા પ્રયોજનથી તેઓએ જે નિવૃત્તિક્ષેત્રોમાં સત્સંગની અને આત્મસાધનાની આરાધના કરી હતી તેની વિગતો નીચે પ્રમાણે છે:

| સમય | નિવૃત્તિક્ષેત્ર |
|---|---|
| વિ. સં. ૧૯૪૭ ભાદરવો-આસો | રાળજ તથા વવાણિયા |
| વિ. સં. ૧૯૪૮ કાર્તિક સુદથી માગશર સુદ | વવાણિયા, મોરબી, આણંદ |
| વિ. સં. ૧૯૪૯ ભાદરવા માસમાં આઠ-દસ દિવસ | પેટલાદ તથા ખંભાત |
| વિ. સં. ૧૯૫૧ લગભગ ૨ માસ | વવાણિયા, રાણપુર, ધર્મજ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અંતિમ સાધના અને દેહવિલય [ વિ. સં. ૧૯૫૨ થી ૧૯૫૭ ]** : આ સમયને તેઓશ્રીની ઉગ્ર આરાધનાનો વિશેષ કાળ ગણી શકાય. ઉપાધિનો યોગ તે દરમિયાન ઓસરતો ગયો અને બાહ્યાંતર અસંગદશા પ્રગટ કરવાની નેમ ઠીક ઠીક અંશે પાર પડી. આ સમય દરમિયાન તેઓ અધ્યયન, ચિંતન, મનન કરતા રહ્યા તેમજ આહારનો, વસ્ત્રોનો, પ્રસંગોનો, દેહાધ્યાસનો તથા અન્યનો દૃઢતાપૂર્વક અપરિચય કરતા, જેથી સકળ સંયમી તરીકેનું જીવન આગળ ઉપર અંગીકાર કરી શકાય. ઉત્તરસંડાના જંગલમાં, કાવિઠામાં તથા ઈડરમાં તેઓ જે રીતે ઉગ્ર એકાંતચર્યામાં રહેતા તે પ્રસંગોનો મુમુક્ષુઓએ ઉલ્લેખ કર્યો છે. તેમાં રાત્રે તેઓ પોતાની સાથે કોઈને પણ રહેવાની આજ્ઞા આપતા નહિ, પથારીનો ઉપયોગ કરતા નહિ, એક જ વસ્ત્રનો અને એક જ આહારનો પ્રયોગ કરતા અને પગરખાં પણ વાપરતા નહિ. ડાંસ-મચ્છર, ઠંડી-ગરમી વગેરે સમભાવે સહન કરતા અને મૌન-ધ્યાન માટે એકાંત નિર્જન પ્રદેશમાં રહેતા.

તેઓ વર્ષના ચાર કે છ માસ કે વધારે સમય સુધી સતત મુંબઈથી બહાર સાધના-ક્ષેત્રોમાં સત્સંગ અને અસંગદશાની સાધના અર્થે રહેતા, પત્રવ્યવહારાદિ પરમાર્થ સિવાય ભાગ્યે જ કરતા અથવા સંક્ષેપમાં કરતા. વિ. સં. ૧૯૫૫ માં તેઓએ વ્યાપારાદિનો ત્યાગ કરી માતા પાસે દીક્ષાજીવન અપનાવવાની રજા માગી. પણ બીજા વર્ષે જ તેમના શરીરે તેમને સહકાર આપવાનું છોડી દેતાં વિઘ્ન ઊભું થયું અને વિ. સં. ૧૯૫૭માં તો તેમનો દેહવિલય થયો. નિવૃત્તિસાધનાના આ તબક્કા દરમિયાન તેઓ મુખ્યતઃ નીચેનાં ગામોમાં રહ્યા :

**( ૧ ) ચરોતર પ્રદેશ** : કાવિઠા, આણંદ, નડિયાદ, ઉત્તરસંડા, વસો, ખેડા, રાળજ, વડવા, ખંભાત.

**( ૨ ) સૌરાષ્ટ્ર પ્રદેશ** : સાયલા, મોરબી, વવાણિયા, રાજકોટ, વઢવાણ, વિરમગામ.

**( ૩ ) અન્ય પ્રદેશો** : ઈડર, અમદાવાદ, નરોડા, ધરમપુર, ઈત્યાદિ.

આમ, શુદ્ધાત્મજ્ઞાનના પ્રકાશ પછી પણ તેઓએ સતતપણે આત્મબળની વૃદ્ધિ કરી દેહવિલય પર્યંત મોક્ષમાર્ગમાં પોતાનું પ્રયાણ ચાલુ રાખ્યું હતું.

**આરાધક-વર્ગ** : જેમ જેમ પુષ્પની સુગંધી ફેલાય છે તેમ તેમ ચારે દિશાઓમાંથી ભમરાઓ તે તરફ સ્વયં આકર્ષિત થઈને આવે છે. આ જ પ્રમાણે અનેક જિજ્ઞાસુઓ પોતપોતાની રીતે શ્રીમદ્જી તરફ આદર, સન્માન અને ભક્તિની દૃષ્ટિથી જોતા થઈ ગયા. જેમકે,

* **શ્રી સોભાગભાઈ** : શ્રીમદ્‌ના સમસ્ત પત્રસાહિત્યનો લગભગ ચોથો ભાગ જેમના ઉપર લખાયેલો છે તેવા સરળતા, સૌમ્યતા, શરણાગતિ, સાચી સંસ્કારિતા અને જિજ્ઞાસાની મૂર્તિસ્વરૂપ શ્રી સોભાગભાઈ શ્રીમદ્‌ના પરમ સખા હતા.

* **શ્રી લઘુરાજ સ્વામી** : શ્રીમદ્‌ના આ અનન્ય ઉપાસક ખરેખર મહાન સ્વ-પર કલ્યાણ સાધી ગયા. મૂળમાં સ્થાનકવાસી સાધુ તરીકે દીક્ષિત થયા હોવા છતાં તેઓએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનું જીવન શ્રીમદ્‌ને સર્વથા સમર્પિત કરી દીધું હતું. તેમણે અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને પણ અપૂર્વ ગુરુભક્તિ અને ઉગ્ર સાધના દ્વારા મહાન આત્મકલ્યાણ કર્યું.

* **શ્રી અંબાલાલભાઈ :** તેઓ મૂળ ખંભાતના વતની હતા. તેમની તીવ્ર સ્મરણશક્તિને લીધે શ્રીમદ્‌ તેમને શાસ્ત્રના કે પત્રોના ઉતારા કરવા માટે આપતા. શ્રીમદ્‌ના દેહાવસાન પછી તેમનું સાહિત્ય એકત્રિત કરવામાં અને વ્યવસ્થિત કરવામાં તેઓનો અનન્ય સહયોગ હતો. વિ. સં. ૧૯૬૧માં તેઓનો દેહોત્સર્ગ થયો.

* **શ્રી જૂઠાભાઈ :** શ્રીમદ્‌ના અલ્પકાળના સાન્નિધ્યથી નાની ઉંમરમાં જ આત્મ-કલ્યાણ કરનાર આ એક મહાન જિજ્ઞાસુ આત્મા હતા. ત્રેવીસ વર્ષની યુવાન વયે વિ. સં. ૧૯૪૬ માં તેઓનો સ્વર્ગવાસ થયો.

* **શ્રી મનસુખભાઈ :** મોરબીના રહીશ શ્રી મનસુખભાઈ કીરતચંદ મહેતાએ શ્રીમદ્‌ને થોડા કાળના પરિચયમાં જ જ્ઞાની તરીકે ઓળખી લીધા હતા. શ્રીમદ્‌ પ્રત્યે તેમને અનન્ય ભક્તિ ઉત્પન્ન થઈ હતી.

* **ગાંધીજી :** ગાંધીજીએ પોતાના માર્ગદર્શક તરીકે માનેલા ત્રણ પુરુષોમાં, આધ્યા-ત્મિક માર્ગદર્શક તરીકે શ્રીમદ્‌ રાજચન્દ્ર અગ્રગણ્ય છે. ઘણા લેખકોએ ગાંધીજીને એક 'મહાત્મા' અને શ્રીમદ્‌ને એક 'ધર્માત્મા'નું બિરુદ આપેલું છે.

ઉપર્યુક્ત મહાનુભાવો ઉપર શ્રીમદ્‌ રાજચંદ્રની ખૂબ જ અસર થઈ હતી. પરિણામે તેમના જીવનની દિશા જ બદલાઈ ગઈ ! આ ઉપરાંત બીજા પણ અનેક પુરુષો ઉપર તેમના જીવનની અને બોધની ઠીક ઠીક અસર પડી હતી જેમાં નીચેના મહાનુભાવો મુખ્ય છે :

અમદાવાદના શ્રી પોપટલાલ મહોકમચંદભાઈ શાહ, મોરબીના ન્યાયાધીશ શ્રી ધારશીભાઈ સંઘવી, શ્રી માણેકલાલ ઘેલાભાઈ, શ્રી રેવાશંકર જગજીવનદાસ ઝવેરી શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતા, શ્રી ત્રિભોવન માણેકચંદ, શ્રી ઝવેરભાઈ શેઠ, શ્રી જેસીંગભાઈ ઉજમશી, શ્રી લહેરચંદભાઈ, શ્રી ડુંગરશીભાઈ, ખીમજી દેવજી, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, છોટાલાલ માણેકચંદ, વિનયચંદ પોપટભાઈ દફતરી, અનુપચંદ મલુકચંદ વગેરે.

## કેટલાક પ્રેરક પ્રસંગો

### "નિષ્કારણ કરુણા"

શ્રીમદ્‌ એક વખત મોરબીથી વવાણિયા જતા હતા. સ્ટેશને મૂકવા માટે શ્રી મન-સુખભાઈ મહેતા આદિ કેટલાક મુમુક્ષુઓ ગયા હતા. ગાડી આવવાનો સમય હતો. તેથી બધા ધર્મચર્ચા કરતા હતા. તે અરસામાં મનસુખભાઈને કોઈ બોલાવવા આવ્યું એટલે ઘેર જવું પડ્યું. તેથી ગાડી આવતાં સુધીનો સત્સંગનો લાભ જવા બદલ તેમને મનમાં ને મનમાં ખૂબ ખેદ થયો. તે ખેદ પ્રગટ ન કરતાં મનસુખભાઈ ઘેર ગયા, પણ એ ખેદ શ્રીમદ્‌ પામી ગયા અને પછીથી ગાડી આવી ગઈ હોવા છતાં તેઓ વવાણિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન જતાં બધા મુમુક્ષુઓ સાથે મોરબી પાછા ફર્યા અને બીજે દિવસે મનસુખભાઈને સત્સંગનો લાભ આપ્યો. જ્ઞાનીની નિષ્કારણ કરુણા તે આનું નામ !

## "મનને નવરું ન મેલવું"

એક વખત મુનિ મોહનલાલજીએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો : "મન સ્થિર રહેતું નથી, તો શો ઉપાય કરવો ?"

શ્રીમદે ઉત્તરમાં જણાવ્યું, "એક પળનો સમય પણ નકામો જવા દેવો નહિ. વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું કોઈ સારું પુસ્તક વાંચવું, વિચારવું. એ કાંઈ ન બની શકે તો છેવટ માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણવારમાં તે સત્યાનાશ વાળી દેશે માટે તેને સદ્‌વિચારરૂપી ખોરાક આપતા રહેવું. જેમ ઢોરને કાંઈ ને કાંઈ ખાવાનું જોઈએ, દાણાનો ટોપલો આગળ મૂકયો હોય તો તે ખાધા કરે છે, તેમ મન ઢોર જેવું છે. બીજા વિકલ્પ બંધ કરવા માટે તેને સદ્‌વિચારરૂપી ખોરાક આપવાની જરૂર છે. મન કહે તેના કરતાં ઊલટું વર્તન કરવું, તેને વશ થઈને તણાઈ જવું નહિ, તેને ગમે તેના કરતાં આપણે બીજે ચાલવું."

**ઉપસંહાર :** શ્રીમદ્ રાજચંદ્રજીનું વ્યક્તિત્વ મુખ્યત્વે આધ્યાત્મિક રહ્યું છે. જોકે તેમના ટૂંકા આયુષ્યને લીધે તેમનો જીવનસંદેશ તેમની હયાતિમાં બહુજનસમાજ સુધી પહોંચી શકયો નથી. પરંતુ આપણે એ ન ભૂલીએ કે તેઓ માત્ર એક મહાન સંત જ નહીં પણ એક પ્રબુદ્ધ કેળવણીકાર, જન્મજાત કવિ, લોકોત્તર સ્મરણશક્તિધારક, વિશિષ્ટ તર્કપટુતાના સ્વામી, અનેકવિધ અતીન્દ્રિય જ્ઞાનના અધિકારી, સમાજસુધારક, અહિંસા-સત્યના પ્રયોગવીર અને પૂજારી, સ્ત્રીજાતિની સુધારણાના અને ભારતની સંસ્કૃતિના મહાન હિમાયતી તેમજ સર્વધર્મસમભાવના એક વિશિષ્ટ જ્યોતિર્ધર હતા.

ષડ્‌દર્શનના સારરૂપ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, શ્રી મોક્ષમાળા, અપૂર્વ અવસર અને બીજા અનેક આધ્યાત્મિક પત્રો અને કાવ્યો દ્વારા આધ્યાત્મિક સાધકોને, અને સમાજ તથા ધર્મની નીતિમત્તાનાં ધોરણોને ઊંચે લાવવા નિષ્પક્ષપણે ઉચ્ચ કક્ષાનું સર્વતોમુખી માર્ગદર્શન આપનાર આ મહાપુરુષને ગમે તે કારણોસર આપણે યથાર્થપણે ઓળખી શકયા નથી, અને તેમના ઉપદેશનો યથાયોગ્ય લાભ પણ લઈ શકયા નથી.

કેવળ ભાવુકતા કે કેવળ દોષદર્શનને બાજુમાં રાખી, ખરેખર તટસ્થ બની આપણે સૌ જો તેમને ઓળખીશું તો તે આપણને ઘણા લાભનું કારણ બનશે. દૂર-સુદૂરના લોકોને પણ તેમણે બોધેલા શાશ્વત સત્ય-સિદ્ધાંતોની જાણ થવાની સાથે સાથે શાંતિ, પ્રેમ, સદ્‌ગુણો પ્રત્યેનો પ્રમોદ, વિચારોની સહિષ્ણુતા, સાત્ત્વિકતા, સત્ય-અહિંસા અને વિશ્વ-બંધુત્વનો સમાજમાં ફેલાવો થશે; પરિણામે સૌ કોઈનું કલ્યાણ થશે.

## "શ્રીમદ્‌ની ઉપદેશ પ્રસાદી"

શ્રીમદે ૩૩ વર્ષની ટૂંકી જિંદગીમાં આપણને ઘણો વિસ્તૃત, પરમ ઉપકારક અને સર્વગ્રાહી બોધ આપ્યો છે. અહીં તો માત્ર સામાન્ય વાચકવર્ગ માટે તેમના ઉપદેશમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ ઉપકારી, સરળ અને વ્યવહારજીવનમાં ઉપયોગી થોડીક સામગ્રી સંક્ષેપમાં રજૂ કરીએ છીએ. સૌ કોઈને જીવન ઉન્નત બનાવવાની તે પ્રેરણા આપે છે.

**૧. સામાન્ય સદાચાર અને નીતિ-ન્યાય**

(૧) સર્વ જીવોમાં સમદૃષ્ટિ. કોઈ પ્રાણીને જીવિતવ્યરહિત કરવાં નહીં, તેની પાસેથી ગજા ઉપરાંત કામ લેવું નહીં.

(૨) જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કરીશ તો જિંદગી સુખરૂપ અને લાંબી લાગશે.

(૩) જે સંસારપ્રવૃત્તિથી આ લોકમાં સુખનું કારણ અને પરલોકમાં સુખનું કારણ થાય તેનું નામ વ્યવહારશુદ્ધિ.

(૪) પવિત્રતાનું મૂળ સદાચાર છે.

**૨. માનવદેહ**

(૧) દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થવા છતાં કંઈ પણ સફળ થયું નહીં, પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાની પુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો.

(૨) સર્વ પ્રાણીની અપવાદ સિવાય સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા, મહદ્અંશે મનુષ્યદેહમાં સિદ્ધ થઈ શકે છે; આમ છતાં સુખને બદલે દુઃખ સ્વીકારે છે; આવું માત્ર મોહદૃષ્ટિને લીધે જ બને છે.

**૩. વૈરાગ્ય**

(૧) ગૃહકુટુંબાદિ ભાવને વિષે અનાસક્ત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે.

(૨) વૈરાગ્ય જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે.

(૩) સત્પુરુષ કરતાં મુમુક્ષુનો ત્યાગ-વૈરાગ વધી જવો જોઈએ. મુમુક્ષુઓએ જાગ્રત થઈ વૈરાગ્ય વધારવો જોઈએ. સત્પુરુષનું એક પણ વચન સાંભળીને પોતાના વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે અને દોષો ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે.

(૪) વૈરાગ્યાદિ સફળતો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

**૪. જ્ઞાન**

* જે વડે વસ્તુનું સ્વરૂપ જાણીએ તે જ્ઞાન.
* જ્ઞાન દોરો પરોવેલ સોય જેવું છે, એમ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલું છે. દોરો પરોવેલ સોય ખોવાતી નથી તેમ જ્ઞાન હોય તો સંસારમાં ભૂલું પડાતું નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* જેનાથી બાહ્ય વૃત્તિઓ રોકાય છે, સંસાર પરથી ખરેખરી પ્રીતિ ઘટે છે અને સાચાને સાચું જાણે છે તે જ્ઞાન છે.
* એકમાત્ર આત્મજ્ઞાન જ ક્લેશોથી અને સર્વ દુ:ખોથી મુક્ત થવાનો ઉપાય છે. વિચાર વિના આત્મજ્ઞાન સંભવતું નથી અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી. એમાં કિંચિત્ માત્ર સંશય નથી. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ જ સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણવાનો એકમાત્ર હેતુ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થોનું જ્ઞાન નિષ્ફળ છે. જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

૫. દોહરા

જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોક;
નહીં જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org